વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૭ : અંક - ૩ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ફેબ્રુઆરી ૬, ૨૦૧૯

# મારા સ્વપ્નનું ભારત

મારો પ્રયત્ન એવા ભારતવર્ષને માટે હશે જે ભારતવર્ષમાં પ્રજાના વર્ગોમાં ઊંચાનીચાનો ભેદ નહી હોય.

જે ભારતવર્ષમાં તમામ કોમો પૂરેપૂરી હળીમળીને રહેતી હશે.

એવા ભારતવર્ષમાં અસ્પૃશ્યતાના પાપને અથવા કેફી પીણાં અને પદાર્થોને સ્થાન હોઈ જ નહી શકે.

સ્ત્રીઓ પુરૂષોના જેટલા જ હક્ક ભોગવશે. આપણે બાકીની આખી દુનિયા સાથે શાંતિથી રહેતાં હઈશું અને કોઈને લૂંટતા કે કોઈથી લૂંટાતા નહી હોઈએ.

આપણે નાનામાં નાનું લશ્કર રાખવું પડશે. મૂંગા કરોડના હિતના વિરોધી નહિ હોય એવા તમામ દેશી કે વિદેશી હિતસંબંધો ચીવટપૂર્વક જાળવવામાં આવશે. મને પોતાને તો દેશી અને વિદેશી વચ્ચેનો ભેદ આકરો છે.

આ મારા સ્વપ્નનું ભારતવર્ષ છે. હું આથી જરાયે ઓછાથી સંતોષ નહિ પામું.

- ગાંધીજી

## આજે ગાંધીનિર્માણદિન

ગાંધીજીના મૃત્યુથી આખો દેશ શોકમાં ડૂબી ગયો. પેલી ત્રણ ગોળીઓ ગાંધીજીના દેહને જ નહિ, દેશના કરોડો નરનારીઓના મર્મને વીંધનારી નીવડી હતી. દુશ્મનો ઉપર પણ પ્રેમ રાખે, એક નાનાશા જીવની પણ હિંસા કરવાનો વિચાર ન કરે એવા એ શાંતિના દૂતના પોતાના જ દેશવાસીની ગોળી પ્રાણ લે એ સાંભળીને જ દેશનાં ગાત્રો ઠરી ગયાં હતાં.

તકરારના મુદ્દાઓનો તોડ લાવવા સામુદાયિક હિંસાત્મક બળનો પ્રયોગ મૂળે જ આત્મવિનાશક છે તે હકીકત આપણે હજૂ નહિ તો ક્યારે શીખીશું? એ નહિ શીખીએ ત્યાં સુધી આપણી કરેલી બધી પ્રાર્થનાઓ વિફળ છે.

- ઇ.

❑

# સ્વરાજના પાયાના સિદ્ધાંતો

આપણે જે કાંઈ કરીએ તેમાં પ્રધાન વિચાર માનવહિતનો હોવો જોઈએ.

થોડાના હાથમાં અધિકાર કે વ્યવસ્થાનાં સૂત્રો રહે એ વસ્તુનો સમાજની અહિંસક રચના સાથે મેળ ખાય એમ નથી.

**૧. માનવનું સૌથી અધિક મહત્વ :**

**પૂરી રોજગારી**

દેશની તથા જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ કે જેથી એક પણ પ્રાણી અન્નવસ્ત્રના અભાવથી પીડાય નહિ. એટલે કે બધાને પોતાના નિભાવ પૂરતો ઉદ્યમ મળી રહે. અને જો આવી સ્થિતિ આખા જગતને વિષે આપણે ઈચ્છતા હોઈએ તો અન્નવસ્ત્રાદિ પેદા કરવાના સાધનો દરેક મનુષ્યને પોતાની (સ્થાનિક) પાસે રહેવા જોઈએ.

- ગામડાંનો નાશ થશે તો હિંદુસ્તાનનો પણ નાશ થશે. પછી એ હિંદુસ્તાન નહિ રહે.
- ગામડાની શોષણ એ જ મોટી સંગઠિત હિંસા છે.
- જો આપણે અહિંસાની ભૂમિકા પર સ્વરાજની રચના કરવી હોય તો આપણે ગામડાંઓને તેમનું યોગ્ય સ્થાન પાછું આપ્યે જ છૂટકો છે.
- સત્ય અને અહિંસા વિના માણસજાતનો વિનાશ જ છે એમાં મને લેશ શંકા નથી. એ સત્ય અને અહિંસાનાં દર્શન આપણે ગામડાંની સાદાઈમાં જ કરી શકીએ છીએ.
- યંત્રોની વિરુદ્ધ નથી. પણ યંત્રો વિચાર વિના વધાર્યે જવાની હું વિરુદ્ધ છું. યંત્ર હિંસક બને છે.. પણ વ્યક્તિની મહેનત બચાવે, અને કરોડો ગરીબ ગ્રામજનોનો બોજો હલકો કરે એવાં સાદા હથિયાર અને સાધનો.

**- ગાંધીજી**

❑

**[હાલના 'સેવા'ના પ્રધાનમંત્રી જ્યોતિ મેકવાન 'સેવા'નો ૧૯૭૨નો ઠરાવ ૩૦ જાન્યુઆરી, ૨૦૧૯ના ગાંધી નિર્વાણદિને 'સેવા'ને યાદ કરાવે છે]**

## 'સેવાનો ઠરાવ'

## ૧૯૭૨

## સ્વરાજના પાયાના સિદ્ધાંતો

૧. પૂર્ણરોજગારી ૨. જાતમહેનત ૩. સમાનતા ૪. ટ્રસ્ટીપણું ૫. વિકેન્દ્રીકરણ ૬. સ્વદેશી ૭. સ્વાવલંબન ૮. સહકાર ૯. સત્યાગ્રહ ૧૦. સૌ ધર્મોનું સરખું માન ૧૧. પંચાયતરાજ ૧૨. પાયાની કેળવણી

તમે સરકારમાં હો કે ચાલી કે ઝૂંપડીમાં રહેતાં હો, ભૂખ્યા હો કે ભરપેટ, સ્ત્રી હો યા પુરૂષ, સ્વરાજના આ પાયાના સિદ્ધાંતોનું જેટલું પાલન કરતાં જઇશું તેટલું વધુ સ્વરાજ ભોગવતાં જઇશું.

આપણી 'સેવા'ના ભાવિદર્શનનાં મૂળ ભરતના 'પૂર્ણસ્વરાજ'માં સમાયેલાં છે તે આપણે યાદ રાખવાનું છે.

**'સેવા'ની કારોબારીનો ઠરાવ- ૧૯૭૨**

❑

# ગાંધી અમ સંગ

**અમે ગોતી ગોતીને થાક્યાં**
**પણ ગાંધી અમ સંગે હતા !**

**હોળી**

એક વાર (૨૦૧૦) પાટણ જીલ્લાની કાર્યકર્તા બેન સાયરાએ મને કહ્યું કે આહિર બહેનોને હમણાં સનેડો નામના કાપડનો બહુજ ક્રેઝ લાગ્યો છે. ઘાઘરા-ચોળી એના જ બનાવીને પહેરે છે. મને કૌતુક થયું, એ કપડું જોવા મેં મંગાવ્યું, તો શું જોયું? ન રેશમ, ન સુતરાઉ પણ ચમકતું, સરી જતું સુંવાળું, ઘેરા આકર્ષક રંગો અને તેમાં પહોળી લીટીઓમાં વારાફરતી લખેલ '૨૦૧૦', '૨૦૧૨', 'નોકીયા'. આ જોઇને હું તો ભડકી ! સૂતર ક્યાં? રેશમ ક્યાં? પરંપરાગત ભરત ક્યાં? 'બધું આપણું ધૂળ ધાણી ?!' મેં કહ્યું, હવે તમારી મીટીંગ હોય ત્યારે મને બોલાવજો. બીજે મહિને મને રાધનપુર બોલાવી. કમલાસદનમાં બાજુના ઓરડામાં હું બેઠી, હોલમાં મિટીંગ શરુ થઇ. પ્રાર્થના ચાલુ થઇ. તે પૂરી થવા આવી તે ઘડીએ હું હોલમાં પ્રવેશી. મારા સફેદ ખાદીના સાડલા પર પેલું ત્રણ વારનું જાંબલી પટાક નેફિલસ સનેડો વીંટીને પ્રાર્થનામાં ગોળમાં જોડાઈ ગઈ. બેસી ગઈ. બેનો બધી મને જોઈ જ રહી. મૂઢ થઇ ગઈ, કદાચ સમજી ગઈ. માંડ તેમણે મ્હોઢું ખોલ્યું 'બહેન તમે આ શું પહેર્યું ?! કાઢી નાંખો. મેં જાણે સાંભળ્યું જ નથી ને હું કહેવા લાગી, કેવી સુંદર હું લાગું છું ! ખરુંને. ઓઢેલું આમ તેમ કરી નખરા કરતી રહી. બેનો મારાથી ત્રાસી ગઈ. બહેન ! બહેન ! તમે આ કાપડ કાઢો, હૂકમ કર્યો પણ મેં કાઢ્યું નહિ. મેં બેહદ હૈયાબળાપો કાઢ્યો '... આ હારુ આપણા વડીલો આઝાદી માટે મરી ફિટયા ? સામે ચાલી આઝાદીને થાળીમાં મૂકી બહાર વેચવા નીકળ્યા છીએ?! અને, કોઈ નહિ ને તમે આહિર બેનો પણ?' પરાપૂર્વથી આહિર બેનો વસ્ત્રની બાબતમાં સદંતર સ્વાવલંબી. વળી તેમના કાપડાંને ભરતકામથી સુશોભિત કર્યા વગર તો પહેરે જ નહિ, નવજાત બાળના કપડાં સુધ્ધાંત.

હંસીબા અમારા સૌથી જૂનાં વડીલ જેમણે ભરતના ૧૨ મૃતપ્રાય ટાંકાઓને સજીવન કર્યા અને નવી પેઢીને શીખવ્યા. આ સૌ બેનોએ સહકારી મંડળી બાંધી. એમનાં ભરતકામ વસ્ત્ર ઉદ્યોગના મધ્યપ્રવાહમાં 'હંસીબા' નામે ફેલાયા. દેશના મોટા

શહેરોમાં 'હંસીબા'ની દુકાન છે. (આજે તો ન્યૂ યોર્કમાં, ટવેન્ટીફર્સ્ટ સ્ટ્રીટ પર 'હંસીબા' બેઠાં છે). આમ દરેક કુટુંબની આર્થિકસ્થિતિ સુધરતી ગઈ. ઘેરબેઠા ભરપૂર કામ કર્યુ, આવકમાંથી બચાવ્યું, રહેવાના ઘર સુધર્યા, ગિરવે જમીન છોડાવી. જમીન બેનોના નામે કરી. વરસોવરસનું સ્થળાંતર બંધ થયું. તે જ આહિર બહેનો આ પરદેશી, ડંસીલું કપડું ખરીદીને પહેરે?! શરમ શરમ ! સેવામાં આટલા વરસે આ પરિણામ ?! હું માંથું કૂટું તેવું મને થઇ ગયું. મારો ગુસ્સાનો ધોધ અડધો કલાક ચાલ્યો. છેવટે બેનોએ મ્હોં ખોલ્યા. મોટાં બહેનો તો તરત સમજી ગયા, બીજાં બેનો નાની બેનો પર દોષ ઢોળવા લાગ્યા. એક જવાન દિકરીએ સામું કહ્યું, 'બજારથી કપડું તો તમે મોટાં જ અમને ખરીદીને આપો છોને ! અમને થોડા દૂકાનમાં જવા દો છો ?' બધા ચૂપ.

પૂરીબેને મને કહ્યું, 'બહુ થયું હવે, બહેન, કાઢો આ કપડું અંગ પરથી. અંતે મેં કપડાનો ગોળ ડૂચો વાળીને અમારા મિટીંગની વચ્ચે ભોંય ફેંક્યો. તરત જ ગૌરીબેન બોલ્યા 'હળગાઈ મૂકો આને!' બીજી બેન કહે 'ચાલો બહાર, દિવાસળી લાવો'. પછી, ગૌરીબેને જ કહ્યું, 'ખમો, જેટલા પાસે આ સનેડા નઠારા છે તે બધા ઘેરઘેરથી એકઠા કરો, આવતી પૂનમે સાંતલપુરના ચોકમાં તેની હોળી કરશું.' ખરે, તેમણે પૂનમની રાતે તેમજ કર્યું, ગામવાળા જોતા રહ્યા, બેસીને સૌએ ભજન ગાયા. મને ફોન પર ભજન સંભળાવ્યા. ભાઈઓનો પણ અવાજ મેં સાંભળ્યો.

બે વરસ પછી હું એ નોકિયારાણીના હાલ જોવા સાંતલપુરની દુકાનોમાં ગઇ. એ જૂના તાકા જૂના માલ ભેગો છેક ભોંયરામાં પડ્યો હતો. નોકરોએ કહ્યું કે, અમે વેચતા'તા ત્યારે આ તાકા ખોલ બંધ કરી ઘરાકને બતાવતા ત્યારે અમારા હાથો પર લાય બળતી.

મને જેટલો પ્રકોપ બેનો પર થયેલો તેનો બેવડો હરખ આજે બેનો પર થયો ! વિચારું છું કે ગાંધીજીએ વિદેશી કાપડની હોળીનું એલાન આપ્યું હતું ત્યારે હોળી કરવાનો તેમનો પોતાનો વિચાર હશે કે તેમને ગામ લોકે આવી રીતે જ આપ્યો હશે? મને લાગે છે કે જયારે અમારી રકઝક ચાલતી હતી ત્યારે ગાંધી આ બેનો સંગ બેઠા હશે.

**જય ટ્રસ્ટીશિપ !**

બીડી કામદારોનું અમારું જૂનું યુનિયન છે. વર્ષોથી તે કાયદાથી રક્ષિત છે : ધ બીડી એન્ડ સિગાર વર્કર્સ એક્ટ (૧૯૬૬). ગોમતીપુરમાં, રોજ બપોરે વેપારી હજાર બીડી વાળવા માટે તમાકુ અને પત્તા નો માલ બહેનોને આપે. બીજી બપોરે હજાર બીડી વાળીને બહેનો દૂકાનમાં પાછી આપી આવે. મજૂરીનું ચૂકવણું તરત થાય પણ કાયદેસરનું નહિ. ૧૦૦૦ બીડી ઉપર ૨૦૦ બીડીની કપાત કરે અને ઉપરાંત મહેનતાણાનો દર લઘુત્તમ વેતનથી સાવ નીચો ચૂકવે. સેવાએ કાયદેસરના ચૂકવાણાની લડત ઉપાડી, વેપારી ખૂબ ખિજાયા તોય અમે લડતા ગયા વાટાઘાટો કરતા ગયા, વેપારીઓ ભાવ થોડા થોડા વધારતા ગયા, મિટીગમાં સંમત થાય પણ લેબર ઓફિસની બહાર નીકળો ને પાછા હતા ત્યાંના ત્યાં ! અમે બહુ જ વેઠયું છે. શેઠ તેમની ઓફીસના પગથિયા ના ચડવા દે. એમના ઘર સામે અમે સરઘસો કાઢીએ, ખૂબ ખિજાય. લેબર ઓફિસમાં સામસામી દલિલબાજી થાય. ઝઘડા થાય પણ એમની દુકાનમાં મિટીંગ દરમ્યાન શેઠ ચા તો પીવડાવે જ, જીવરાજ બીડી જેનું નામ ! પણ હકીકતમાં, જયાં સુધી સેવાનાં આગેવાન મિટીગમાં હાજર ન હોય ત્યાં સુધી વાતચીત શરુ કરવા ન દે. લેબર કમિશ્નર પૂછે કે 'કેમ?' 'કારણ, સેવાની બહેનોની રજૂઆતમાં જે હોય તે સાચું હોય, વિશ્વાસ પડે.' ધીરે ધીરે માલિકનાં મન બદલાતા લાગ્યા. હવે પગથિયા તો શું ખુરશીમાં બેસાડે. એક વાર તેમની ઓફિસમાં ભાવ વધારા માટે ખૂબ ઊગ્ર ચર્ચા થઇ એ મિટીગ દરમ્યાન ચા પીરસી જે બેનોએ ના પીધી. બીજી બે વખત ફરીથી ચા આવી. ના પીધી. 'ભાવ વધારશો ત્યારે પીશું.' તેમણે કહ્યું 'પણ એ બે વાત જૂદી છે.' ભારોભાર ગુસ્સો અને નિરાશા લઈ ભારે હૈયે અમે સેવાની ઓફિસે પાછા આવ્યા. અમારી ઓફિસમાં આવીને ય ચા અમે ના પીધી. સાંજે પાંચ વાગે શેઠ કનુભાઈએ ડ્રાઈવર જોડે સેવાની ઓફિસમાં અમને ચા મોકલી અને કહેવડાવ્યું કે ભાવ વધારો થઇ ગયો ! અમે અવાક ! બે ઘડી પછી હોશમાં આવ્યા. બધા અમે ભેટ્યા. આ ચા પીધી તેનો ગરમાવો અનોખો હતો ! અમે શાની ઊજવણી કરી રહ્યા હતા? મને થાય છે કે ગાંધીજીના ટ્રસ્ટીશિપના સંદેશની. હું તો માનું છું, કે ટ્રસ્ટીશિપનો સિધ્ધાંત ગાંધીજી અમદાવાદની મિલમજૂરોની હડતાળના સમાધાન પ્રસંગે પૂજ્ય 'મોટાબેન – અનસૂયા સારાભાઇ – પાસેથી (૧૯૧૮) શીખ્યા હશે.

આ સમાધાનકારી ઊકેલમાં અમારી સૌની શ્રધ્ધા વધી છે. ઈટ વર્કર્સ. મોટેભાગે સંઘર્ષમાં સફળ થવાય છે, સફળ થતાં વાર પણ લાગે, પણ આ સચ્ચાઈ અને સાફ હૃદયથી વ્યવહાર કર્યો હોય તો પરિણામ આશાસ્પદ આવે છે, કમ સે કમ ચાલુ પરિસ્થિતિ બગડતી નથી. મજૂર-માલિકના સંબંધો માત્ર જ નહિ પણ, મિલકતના ઝગડા, અરે, દેશની સરહદોના મામલામાં પણ, સમાધાનકારી વલણ ઊકેલ તરફ લઇ જાય છે. એવો મારો 'એલ્ડર્સ'ના ગ્રૂપમાં પણ અનુભવ રહ્યો છે. સુદાન તથા મિડલ ઈસ્ટના સરહદના વિખવાદમાં એલ્ડર તરીકે મારો આ જાત અનુભવ છે.

તાજેતરમાં, ભદ્રકાળી ચોકમાં (જેને હવે ભદ્ર પ્લાઝા કહેવાય છે) ત્રણ-ચાર પેઢીથી બેસતા આવેલા વેચનારા અને પાથરણાવાળાને રોજગારીનો કાનૂની હક્ક નગણ્યા કરીને ઊઠાડી મૂકવામાં આવેલા ! ત્યારે સેવાની લડત બે વર્ષ ચાલી, કોર્ટમાં સ્ટે ઓર્ડર હજૂ ઊભેલો છે. દરમ્યાન સેંકડો ઊગ્ર વાટાઘાટો બાદ છેવટે મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલિસ કમિશ્નર અને સેવાની

ભદ્રચોક વેન્ડર્સ સમિતિની – ત્રણેની – ભેગી મિટીંગ થઇ અને અંતે સેવાનું ઓળખ પત્ર માન્ય રાખી પોલિસ કમિશનર અધિકારીના હસ્તે એકેએક વેચનારને તે વિતરણ થયા – આ બધું શક્ય બન્યું તે બાપુના ટ્રસ્ટીશિપના અભિગમને કારણે બન્યું, એમ ખચિત હું કહીશ. અમદાવાદની ભૂમિનું કલ્ચર પણ એક કારણ ખરું. સચ્ચાઈને કારણે અન્યોન્ય વિશ્વાસ ટકે છે ને સ્વાભાવિક ઊકેલો નીકળે છે આવો સેવાની બહેનોનો અનુભવ રહ્યો છે. જ્યાં ઉતાવળે કે જૂઠ કે આડુંતેડુ વર્તન થઇ જાય ત્યાં કામ બગડે જ છે, તો લપાટ ખાવી પડે જ. જય ટ્રસ્ટીશિપ !

**પૂર્ણ રોજગાર**

એક દિવસ (૧૯૭૬) અમદાવાદ આકાશવાણી પર ખેતમજૂરો માટે લઘુત્તમ વેતનની જાહેરાત થઇ. ઝાંપ ગામના ખેતમજૂરોએ એ સાંભળી. બે દિવસ પછી તે ભાઈઓ મજૂર મહાજનની ઓફિસમાં મંત્રી શ્રી સ્વ. મનહરભાઈ શુક્લ પાસે માર્ગદર્શન લેવા આવ્યા. હું ત્યાં હાજર હતી. રવિવારે ગામમાં મિટીંગ બોલાવવા કહ્યું. મેં પણ સાથે આવવાની ઈચ્છા દર્શાવી. હું ગઈ. મિટીંગ મોટી હતી, થોડી બહેનો બેઠેલી. શુક્લ સાહેબે સૂચવ્યું કે ગામના ખેતમજૂરોની યાદી બનાવો. યાદી આવી પણ જૂઓ તો લીસ્ટમાં બે તૃતિયાંશ નામો બેનોના ! બેનોનું સંગઠન અમે 'સેવા'માં લીધું. ભાઈઓ તો ધીમા હતા. પણ અમે બેનોએ તો લઘુત્તમ વેતનની માંગણી સરકાર ને મૂકી જ દીધી. સતત દબાણને કારણે છ મહિના પછી સરકારે કાર્યવાહી કરી અને એક બપોરે ગામના ચોરામાં માલિક-મજૂર-બેનો ત્રણેને બોલાવીને ચઢેલ વેતનની લઘુત્તમના હિસાબે જમીન માલિકોએ રોકડ ચૂકવણી કરી દીધી. સહી સિક્કા રજુ કર્યા અધિકારીઓ સાંજવેળા પાછા અમદાવાદ ગયા (૧૯૭૮). એ રાત હું ગામમાં જ રહી.

બીજે દિવસે પરોઢમાં મેં જાણ્યું કે બેનો તો તે જ રાત્રે જે કાંઈ રકમ મળેલી તે અકબંધ પોતપોતાના માલિકને ઘેર જઈને પરત આપી આવેલી ને, જોયું તો સવારે નિયત ખેતરમાં મજૂરીએ કામે લાગેલી. હું તો અવાક ! મજૂર મહાજનમાં મજૂરો સાથે આવો અનુભવ કદિ થયેલો નહિ. 'મને કહ્યું પણ નહિ મારી બેનોએ?' હું રડુંરડુ થઇ ગઈ. નિષ્ફળતાનો આવો વેધક અનુભવ મને કદિ થયેલો નહિ. તે દિવસ ગામમાં રોકાઈ ગઈ. અંધારું થયે અમે ખેતરમાં બેઠા હતા ને પોલિસ પલટન આવી. અમે આડાઅવળા થઇ ગયા. સાવ અંધારું. પોલિસે ડંડા ફેરવ્યા. અમને વાગ્યું. તરત જ ગામ લોક અમને બાવળા દવાખાને લઇ ગયા. અમને અમારા અદ્રશ્ય સંગાથ જાણે ભણાવતા હતાઃ જે કામ માટે એક કહેતાં અનેક મજૂરો મળી રહેતા હોય (સરપ્લસ લેબર) ત્યાં લઘુત્તમ વેતનનો હક્ક માંગવો સફળ થાય કદાપિ ? આ કાંઈ મિલકામદાર છે તે તમારી સોદાશક્તિની વકિલાત અહિં ચાલે? આ ગરીબ દેશનો રોજગારના અર્થતંત્રમાં સંગઠિત વર્ગ અને અસંગઠિત વર્ગ (ફોર્મલ અને ઈન્ફોર્મલ સેક્ટર) બેઉનો સમાવેશ છે. અસંગઠિત શ્રમિક વર્ગ ખૂબ મોટો અને વિશાળ છે. આ મારો પહેલો પાઠ. હું અર્થશાસ્ત્ર ભણી નથી. ભણી હોત તોય આ હકીકત તેમના શાસ્ત્રમાં લખેલી ન મળત. પણ ગાંધી શાસ્ત્રમાં આ વર્ગની વિશાળતા મૂળમાં જ લખાયેલી છે. ભારતના આ જ ગરીબો ગાંધીજીના હૃદયમાં સદા બેઠા હતા.

બીજો પાઠ પણ હું ત્યારે શીખી. આ પરિસ્થિતિનો ઉપાય શું? અમને ભણાવ્યું કે સૂકા પ્રદેશમાં ખેતી તો વરસના થોડા મહિના હોય, માટે ખેતી ઉપરાંત કમાણીના અન્ય સ્રોત પણ હોવા જરૂરી છે. તો જ વરસભર આવક ચાલુ રહે, સુખ્ખે જીવાય. આ ફોર્મલ-ઈન્ફોર્મલ ને સરખો ન્યાય મળવો જોઈએ આ પાઠ મારા જીવનનો ધ્રુવતારો બની ગયો. 'ગ્રામ સ્વરાજ' મેં વાંચેલું પણ સમજેલું કાચું. ઝાંપ ગામના આ અનુભવે મને જાણે બાકીની અધૂરી આઝાદી કેમ પૂર્ણ તરફ લઇ જવાય તેની સ્ટ્રેટજી રણનીતિ મારા સંગાથીએ સમજાવી દીધી. જો કે હજૂય કાયદાનો સહારો મને મૂર્ખને, આશાસ્પદ લાગતો હતો. છેવટે એ સમજણ પણ તૂટી.....ક્યારે ?

**કાયદાનું રક્ષણ ?**

ત્યારે કે જયારે એક વાર શહેરમાં મારા સ્કૂટર પર હું જતી હતી. એલિસબ્રિજ પાર કરીને ટાઊનહોલના જંકશન પર પોલિસે સ્ટોપનો હાથ કર્યો. વાહનો ઊભા રહ્યા પણ એક હાથલારી ઢોળાવને કારણે રોકી ન શકાઈને બેઉ સ્ત્રી-પુરુષ હાંકનારાના ઘૂંટણ વળી ગયા, તૂટ્યા, ભોંય ભેગા થયા. લારી પૂરા માલથી ભરેલી હતી. બેઉ હાંકનારને અમે પાસે જ આવેલી વાડીલાલ હોસ્પિટલમાં લઇ ગયા. સારવાર ચાલુ થઇ. મારો વકીલનો જીવ રહ્યો ને તેથી મેં ઈજા પામેલા બેઉ મજૂર 'ઓન ડ્યુટી' દરમ્યાન અકસ્માત થયેલો હોવાથી વર્કમેન્સ કોમ્પેન્સેશન એક્ટ હેઠળ તેઓ બેઉ વળતર મેળવવા પાત્ર ગણાય. લેબર ઓફિસમાં મેં અરજી કરાવડાવી. જવાબમાં મને (વકીલને) લખ્યું તથા કહ્યું કે આવા હાથલારી ખેંચનાર 'કામદાર' ન કહેવાય. 'ધે આર નોટ વર્કર્સ, મેડમ.' વર્કરની વ્યાખ્યામાં ન આવે માટે વળતર ન મળે. હું અવાક ! જાણે માથામાં હથોડો વાગ્યો. અરે, આટલા કલાકો કઠણ શ્રમ કરનાર શ્રમિક, 'કામદાર' ની વ્યાખ્યામાં  ન આવે ?! કેવો અન્યાયી કાયદો ?! આ શ્રમિકનું યોગદાન જીડીપીની ગણતરીમાં આવે, નાણાંની લેન દેન, રાષ્ટ્રીય આવકમાં ઉમેરવામાં આવે અને ખૂદ કામ કરનાર શ્રમિક 'કામદાર'માં ન ગણાય ?! નર્યો અન્યાય. મારું એલ એલ બી નું ભણેલું ફોકટ. જેમને હું સંગઠિત કરવા માંગું છું તેમના માટે કોઈ કાયદો જ નથી, તો મારો કાયદો ભણેલો શું કામનો..... નવા કાયદા બનાવીશું એવી અમારી હોંશ જાગી.

રહીરહીને અમને ગાંધીજીના ગ્રામસ્વરાજમાં જ રસ્તો દેખાયો. ખાદી, ગ્રામોદ્યોગ, ખેતી, સ્વાવલંબન, વિકેન્દ્રિત અર્થરચના આ બધા વિષયોએ હવે મને માર્ગ બતાવ્યો. સેવાનું વહાણ ટાપુઓ બાદ ટાપુઓ પાર કરતું ગયું, જઈ રહ્યું છે.

**ખાદીવિચાર**

બે એક વર્ષ પહેલાં યેલ યુનિવર્સીટીમાંથી મારા પર એક

વ્યાખ્યાન આપવા માટે આમંત્રણ આવ્યું. મેં પૂછ્યું ક્યા વિષય પર, તો જવાબમાં કહ્યું કે 'ખાદી' ! હું તાજ્જુબ થઇ ગઈ કે યેલની સમાજશાસ્ત્ર ફેકલ્ટીને ખાદીમાં રસ હોય ખરો ! અને તે ય વ્યાખ્યાન સાંભળનારામાં સિનિયર વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરોને રસ કેવો વળી ?!

વ્યાખ્યાનના શરૂમાં મારી ઓળખાણ તો તેમણે આપવાની હતી તે પહેલાં મને પૂછ્યું, 'ઇલાબેન, હાઉ વુડ યુ ડિસ્ક્રાઈબ યોર સેલ્ફ ?' 'તમે તમારી ઓળખાણ કેવી રીતે આપો ?' સામે ઓડિયન્સ. વિચાર કરવાનો કે શબ્દો ગોઠવવાનો તો મારે ટાઇમ હતો નહિ. મને સૂઝ્યું (કોઈકે ચૂપચાપ સૂજાડ્યું) તે કહ્યું, 'ત્રણ શબ્દોમાં હું મારી ઓળખ આપવા ચાહું : વીમેન, વર્ક એન્ડ પીસ.' સ્ત્રીઓ, શ્રમ અને શાંતિ. આ જવાબ મને કેમ સૂઝ્યો, કોણે સૂઝાડ્યો ? આજે પૂછે તો અવશ્ય સમજણપૂર્વક હું આ જ ત્રણ શબ્દોમાં જવાબ આપું. પણ આજે વિચારું છું કે પહેલો જવાબ આપ્યો ત્યારે મારી સાથે કોણ હતું ?!

ખાદી તો હું કોલેજકાળથી પહેરતી આવી છું સ્વરાજ હાંસલ કરવા સ્વદેશી બનવું જોઈએ, અને સ્વદેશીમાં સૌથી પહેલું તે ખાદી પહેરવી. આમ ખાદી પહેરતી આવી. લગ્ન પણ ખાદીમાં થયા. મારી મા નારાજ રહી. વર્ષો વીત્યા પછી એક દિવસ એવું થયું કે મારી છ વર્ષની દીકરીએ શાળામાંથી મને ઓફિસે ફોન કર્યો, શિક્ષકે તેને ફોન જોડી આપેલો. દિકરી પૂછે, 'મા, હું ખાદી કેમ પહેરું છું ? વર્ગમાં બધા મને ચિડવે છે. અને સાહેબ મને કહે છે કે જવાબ આપો. તમને ના ખબર હોય તો પૂછો તમારે ઘેર.' મારી કસોટી ! આ છોકરી પોતે સમજે અને શામાં સમજે એવો શું જવાબ તાત્કાલિક તેને ઘડી આપું ? મેં કહ્યું, 'જો, તું એમ કહે કે દસ રૂપિયાની ખાદી ખરીદીએ તો આઠ રૂપિયા મહેનત કરનાર ગરીબને મળે અને બે રૂપિયા દૂકાનવાળાને મળે'. નવાઈ લાગશે પણ આ જવાબ આજે પણ લગભગ સાચો છે એવું બળવંતભાઈએ (ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ) મને ગયે વર્ષે કહેલું, અલબત્ત, સબસીડી સહિત.

આજે તો જાણે મારાં મન, બુદ્ધિ, ઊર્જા છવાઈ ગયા છે આ 'ખાદી'માં. ખાદીવિચારમાં મને જાણે આખા વિશ્વના અર્થશાસ્ત્ર અને શાંતિ શાસ્ત્રનાં દ્વાર ઊઘડી ગયા, તેવું સમજાય છે.

આડુ વાળીને જોવું પડ્યું નથી. જીવનમાં સૌથી પ્રિય અને ઉપયોગી, જવાબી કન્સેપ્ટ મને મળ્યો છે તે 'ખાદી'માંથી હું તેને કહીશ 'ખાદીરાહ'. વધુ તો, આ ખાદીરાહે ચાલતાં ઊત્સાહભેર મને વધુ વિચારો આવતા ગયા છે. ખાદી વિચાર સમજ્યા પછી મારા મનમાં નવા કન્સેપ્ટ ઘડાતા ગયા છે. 'અનુબંધ', 'સો માઈલનો સિદ્ધાંત', આ રીતે સાંપડ્યા, હાલ, બિલ્ડીગ ઈકોનોમી ઓફ નર્ચરન્સ પર કામ કરી રહી છું. ખૈર, કશું નવું નથી. 'એઝ ઓલ્ડ એઝ ધીઝ હિલ્સ' જેમ ગાંધીજીએ કહેલું.

**સ્વરાજ લેવું સહેલ છે**

ગાંધીજીએ ખાદીને ''ભારતના સ્વાતંત્ર્યનું વસ્ત્ર'' કહ્યું તે કલ્પના- કન્સેપ્ટ દિલમાં ઊતરી ગયો છે. આજના આધુનિક સંજોગોમાં ભારત દેશ અને તેની પ્રજાનું ભાવિ 'ખાદીરાહ' ના પ્રમાણિક પાલનમાં દેખાઈ રહ્યું છે. ખાદીને માત્ર રેંટીયો અને ખાદી કાપડ સુધી સીમિત કરવાની બહુ મોટી ભૂલ છે. ખરેખર તો, ખાદીની સાર્થકતા હર દિન વધતી જાય છે. ખાદી વિચાર એક એવી બહુમુખી પ્રફુલ્લિત ચીજ છે, સુંદર, રમતી ગાજતી, સદા ખીલતી ઊઘડતી રહેતી કલ્પનાબુદ્ધિ છે.

અમારા માટે અમારા ગામની ગાયનું દૂધ એ ખાદી છે, મેઘના પાણી ઉતારેલ અમારું ઘરનું ટાંકું એ ખાદી છે. ગામના ખેતરની મકાઈની રોટલી અમારે મન ખાદી છે. અમારા વાડામાં ઊગાડેલ તાજી લસણ, કોથમીર, અરડુશી એ ખાદી છે. ગામના સુથારે ગામના મંદિરમાં ઘડેલા બારી-બારણા ને ખાદી સમજું છું અને આનંદ પામું છું. અમારા ગામના શાળા, અમારા ગામના આંબા, અમારા ગામની મસ્જીદ, અમારા ગામની દાયણ, ગામની નદી, કૂવા, ડુંગરા, ઊકરડા અમારા ગામની પંચાયત, ગામનો પોસ્ટ-માસ્તર, અમારા ગાન નાચ, ગામ વિધિ, અમારા ગામનો ઈતિહાસ, પરંપરા, લક્ષણ — એ સર્વ ખાદી છે.

ખાદીવિચાર અહિંસક આવકનું સાધન છે, સામાજીક અસમાનતાને ઘટાડનારું વસ્ત્ર છે, વિચાર છે, ગરીબીનો જવાબ છે, બેકારીનો ઉકેલ છે. સમુચિત તકનીકી માટે પડકાર છે, આર એન્ડ ડી માટેનો ભરપૂર મસાલો છે, સુંદરતાનો અવતાર છે. ધરતીમાતાને જિંદગીભર ટાઢક આપનારો પ્યારો બેટો છે — આ જ ખાદીવિચાર.

ગાંધીજીએ પોતે ખાદી પહેરી, અને બીજાને પહેરાવતા ગયા. ખાદી ધોતી અને ખાદી ટોપીના આજના શબ્દોમાં કહીએ તો એક મોડેલ બની ગયા, ઠેરઠેર ખાદી પહેરી જાણે રેમ્પ પર ચાલતા રહ્યા તે છેક લંડનની રાઊન્ડ ટેબલ સભામાં હાજર થઇ ઊભા રહ્યા ! ખાદીવિચાર વિરોધીને આમ પહોંચાડી દીધો. સ્વરાજ લીધે-દીધે જ છૂટકો ખાદી વસ્ત્ર અને ખાદીવિચાર, બેઉને જીવંત રાખવા છે, અને વિકસાવવા છે.

ભારતના રસ્તાઓ પર અરધો અરધ ખાદીધારી વસતિ બ્રિટીશરોએ જ્યારે જોઇ હશે ત્યારે 'ભારત છોડો'નો સંદેશ સોંસરો સમજાઇ ગયો હશે, એવી મારી કલ્પના.. સાચી હશે ?

આઝાદીની લડતો વખતે બહેનો જે ગરબો ગાતી તે આજે પણ બેનો ગાતી રહે :

એકડે એક, ગાંધીની રાખો ટેક.
મારી બહેનો, સ્વરાજ લેવું સહેલ છે.

**- ઈલા ર. ભટ્ટ**

**['શાશ્વત ગાંધી'માં આ લેખ પ્રકાશન થવા આપેલો તેમાં સહેજસાજ ફેરફાર સાથે- ઈ] ❑**

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

## સેવા બેંકમાં ખાતું ખોલાવો અને લોન મેળવો

### જામીનની ઝંઝટ વગર તાત્કાલિક લોન મેળવો

- આપની જ ફિક્સ ડિપોઝીટ ને રીકરીગ ડિપોઝીટની બચત સામે ૯૫% સુધીની રકમની લોન મેળવો અને આપની બચતને સુરક્ષિત રાખો
- નેશનલ સેવિંગ્સ સિર્ટીફીકેટ (NSC)તથા કિસાન વિકાસ પત્ર (KVP) સામે ૮૦% સુધીની લોન તાત્કાલિક મેળવો.
- આપના સોનાના દાગીના સામે તાત્કાલિક લોન મેળવો.

### નિયમિત બચત કરી અને ઝડપી લોન મેળવો.

- ધંધા માટે - નવો ધંધો શરુ કરવા- જુના ધંધાનો વિકાસ કરવા- ધંધાના સાધનો વસાવવા.
- રીકરીગ તથા ફિક્સ ડિપોઝીટ સામે ૯૫% રકમ સુધી વગર જામીને ઝડપી લોન મેળવો.
- સરળ ગ્રુપમાં ઘરે બેઠા લોન મેળવો.
- દાગીના સામે ઝડપી લોન મેળવો.
- ઘર વપરાશ તથા સૂર્ય શક્તિથી ચાલતા સાધનો ખરીદવા લોન મેળવો.
- માલ - સ્ટોક હાયપોથીકેશન લોન આપવામાં આવે છે.
- મકાન મોર્ગેજ કરીને લોન આપવામાં આવે છે.
- ઝટપટ લોન
- સ્વરોજગાર લોન ધંધાના વિકાસ માટે.

## અમે ગોતી ગોતીને થાક્યાં....

અમે ગોતી ગોતીને થાક્યાં
પણ, બાપુ અમ સંગે હતા ! - ૧
અમે સૂતાં શરાફો જગાડ્યા
શાહુકારોને ભગાડ્યા
અમે સેકારી બેંકને બાંધી
બચતોની ઢગલી કરી
અભણિયા અમે છોને રહ્યા
હુતા અમે ગરીબ ને ગુરબા
અમ બાયડીઓના અંગુઠા ભેગા મળ્યા
શેરોના પોટલા બાંધ્યા
સેકારી બેંકના ચરણે ધર્યા
આર બીએ સર્ટી જયારે આપી
ત્યારે ગાંધી અમ જોડે હતા. - ૨

અમે ઢોરાંની તરસ છીપાવી
તરસ્યાં ખેતર-કૂવાને સીંચ્યા
મરતા ટાંકા-તળાવને જીવાડ્યા
રણમાં લીંબુ-દાડમ ઊગાડ્યા
'રૂડી' બહેનોએ બજારને ધમધમાવ્યા
ગાંધી, તમો અહિંયા મળ્યા - ૩

અમે સૂતી શાળોને ઢંઢોળી
બુનો મારી રાજીની રેઢ નાચી
ઘેરઘેર શાળો પર વણતી બેઠી
ચાદર, ટુવાલ, સાડલા ને કાપડ
જીલ્લાભરને ઓઢાડવા માંડ્યા
સ્વદેશીને હાક મારી મોટી
ત્યારે, ગાંધી અમ જોડે હસ્યા - ૪
અમે ભૂલ્યાં નથી એકે ય દા'ડો
ઓમ તત સત્ ને, ઓરજુ બીલ્લા હી રહેમાને રહીમ
એવી પ્રભૂની પારથના રોજે ને રોજ
ગાતાં ગાતાં આંખો બંધ
રીદયાના દાર ઊઘડ્યા, અગિયાર વરત વરત્યાં
ત્યારે, ગાંધી તો જોડે ને જોડે જ હતાં ! - ૫

અમે કેવાં મુરખ ને અબુધા
કે ગાંધીને ખોળતા જ રહ્યા.... - ૬

**રચના :- જશીબેન - ચંચળબેન - લીલાબા**

**[સેવા વનલક્ષ્મી મંડળીમાં વૃક્ષોની છાયામાં એક બપોરે બહેનોએ જે મનમાં આવ્યું તે જાતે બનાવી બનાવીને ગાયે રાખ્યું તેમાંથી આ થોડો પ્રસાદ. આ ગીતમાળાની અવનવી રચના હજુ મોઢેમોઢ ફરતી ચાલુ જ છે] — ઈ.**

❑

## 'ગાંધી મને દેખાય, ક્યાં? ત્યાં'

સેવાના એક કાર્યકર (કવિ) બેનના દિયર રાજુ નાયક જે પોતે યુવાન (૩૦) છે. ઘરમાં સેવાના કામકાજની વાતો રોજ ચાલ્યા કરે. કદાચ તે બધાથી પ્રભાવિત આ રાજુભાઈ એકાએક લેખનકાર્યમાં લાગી ગયા અને લખી નાંખ્યું! કે ગાંધી મને જ્યાં ત્યાં દેખાયા કરે છે.. ક્યાં ક્યાં ? તે વાંચો આપ : સેવા ના દરેક કાર્યમાં મને ગાંધી દેખાય છે. હોય કુવા કે તળાવ ઊંડા કરાવવા મને દરેક કાર્યમાં ગાંધી તમે મને મળ્યા છે.

તમે મહાત્મા બાપુ કે ગાંધી તરીકે ઓળખાવ પણ સેવાના દરેક કાર્યમાં તમારી પડછાઈ છે.

'રૂડી'ની બારે એ ઊભેલા અઢળક ચેહરામાં મને તમારો ચેહરો દેખાય છે. તમારી ભેખધારી છાપને આજે સમજાવા જાઉં છું. સેવા ઊભી કરીને તમને શત શત નમન કરું છું.

સત્ય એટલે સેવાને સેવા સંસ્થા એ તમારો ચરખો ચાલે ધીમો પણ પરિણામ ચોક્કસ મળે બાપુ. તમે મને સેવાના દરેક કાર્યમાં દેખાવ છો કારણ સત્ય અહિંસા પરમો ધર્મ એ ત્રણે ગુણો સંસ્થા ના પાયામાં છે ને તે પાયામાં તમારા વિચારો છે. બાપુ આજે મને સેવાના દરેક કાર્યમાં તમારો ચેહરો દેખાય છે.

સેવાનું મેનેજમેન્ટ તમારી અહિંસાનું આદોલન છે. સેવાની લીડરશીપ એ તમારી સત્યની ઢાલ છે. મહિલાઓથી અને મહિલાઓ માટે ચાલતી સેવા બેંક એ તમારા આત્મવિશ્વાસની તલવાર છે. બાપુ તારા ચહેરા માં મને સત્ય સમજાય છે.

તમારા ચરખા સંઘે મને આરોગ્ય વીમાની ઓળખ મળી ગામે ગામ સેવા સંસ્થા ઊભી કરી. સ્ત્રીઓને પગભર કરી.

વ્યસનમુક્તિ ની અલખ જગાવી, બાપુ તમારી બીડીની ટેવ યાદ આવી તમે તેને મનથી તરછોડી મેં લોકોને સમજાવી છોડાવી.

વ્યસનોના દુષણથી સમાજ રૂંધાય છે. સ્ત્રીઓ પણ આજ ગુટકા-તમાકુ ખાય છે. બાપુ તારી હાજરી મને આજે પણ દેખાય છે. જ્યાં જ્યાં નજર મારી ફરી ત્યાં મહાત્મા મને દેખાય છે. બાપુ કહું કે ગાંધી પણ આત્મા એજ દેખાય છે.

મહાજન થી લઈને સેવા સુધી ની સફરમાં એ હમસફર હતા નહોતા પ્રત્યક્ષ છતાં પણ હાજર હતા સેવાના પાયાની એ નીંવ હતા. બાપુ તારા વિચારોથી જ સેવાની ઓળખ છે.

બાપુ તારા આંદોલને મને સંગઠનનો મંત્ર મળ્યો. મીઠાથી લઈને મહિલાઓના સ્વરક્ષણનો મને ગુરુ મંત્ર મળ્યો બાપુ તારી હાજરી આજે પણ દેખાય છે.

તમારી ઘડિયાળે મને સમય સાચવાનો મંત્ર મળ્યો. પૈસા વગર પણ કામ થાય સેવાનું એ સમય નો મને લાભ મળ્યો. સેવાની બેંકના દરવાજે મને હાથમાં લાકડી અને હસતા ચેહરા વાળા બાપુ મળ્યા દરેક મહિલા ખાતેદારના સ્વમાનમાં મને બાપુ મળ્યા. સેવા એ સંસ્થા નથી સંગઠન છે. બાપુ તમારા વિચારોનું મંડળ છે.

બાપુ તારી હાજરી આજે પણ દેખાય છે.

**- રાજુ નાયક**
**નાયકનગર**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-2-2019

## સેવા કશ્મિર

### દુઆ

લબ્પે આતી હૈ દુઆ બનકે તમન્ના મેરી,
જિંદગી સમ્માકી સુરત હો ખુદાયા મેરી,
દુર દુનિયા કા મેરે દમ સે અંધેરા હો કાયે,
હર જગહ મેરે ચમકને સે ઉજલા હો જાયે,
હો મેરે દમ સે યુ હી મેરે વતન કી ઝીનત
જીસ તરક ફૂલો સે હોતી હૈ ચમક કી ઝીનત,
જિંદગી હો મેરે પરવાને કી સુરત યા રબ,
ઇલ્મ કે સમ્માસે હો મુઝકો મ્હોલત યા રબ,
હો મેરા કામ ગરીબો હી હિમાયત કરના,
દર્દ મંદોસે ઝહીફો સે મ્હોબત કરના.
મેરે અલ્લાહ બુરાઇ સે બચાના મુઝકો,
નેક જો રાહ હો ઉસ રાહ પે ચલાના મુઝકો.
લબ્પે આતી હૈ દુઆ બનકે તમન્ના મેરી,
જિંદગી સમ્માકી સુરત હો ખુદાયા મેરી.

['સેવા કશ્મિર'ની વાર્ષિક સામાન્ય સભામાં ગવાયેલું ગીત, મુમતાઝ બલોચનું અનુવાદિત કશ્મિરીમાંથી]

لب پہ آتی ہے دعا بن کے تمنا میری
زندگی شمع کی صورت ہو خدایا میری

دور دنیا کا مرے دم سے اندھیرا ہو جائے
ہر جگہ میرے چمکنے سے اجالا ہو جائے

ہو مرے دم سے یونہی میرے وطن کی زینت
جس طرح پھول سے ہوتی ہے چمن کی زینت

زندگی ہو مری پروانے کی صورت یا رب
علم کی شمع سے ہو مجھ کو محبت یا رب

ہو مرا کام غریبوں کی حمایت کرنا
دردمندوں سے ضعیفوں سے محبت کرنا

مرے اللہ برائی سے بچانا مجھ کو
نیک جو راہ ہو اس رہ پہ چلانا مجھ کو

لب پہ آتی ہے دعا بن کے تمنا میری
زندگی شمع کی صورت ہو خدایا میری

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-2-2019

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]